સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દવાખાને જાવ તો ય ચહેરા યાદ રે'તા નથી!
કલાકો કતારમાં બેસો તો ય દાદ દેતા નથી!
સાદ દેતા નથી પ્રેમથી ને કરે છે હડધૂત -
ઈ, થું આવશે ઘરે ?! નાટકથી બાદ આવતા નથી!
(પ્રચાર - નાટક)

હાઈકુ

હોજથી ગઈ
ન આવે બે બૂંદથી -
સ્ટાફ છે જ ક્યાં ?
(તબીબ ટૂકડી ઘેર આવશે?!)

સ્વસ્થ થઈ ને -
લ્યો ! કરો સારવાર...
ઠેકાણે રાખો...
(મગજ વિનાનું આયોજન)

ચિંતન

સન્ધાયૈક્તો વા ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

પાડોશી દેશ સાથે સંધિ હોય તો પણ એની પ્રવૃત્તિઓની ઉપેક્ષા ના કરવી જોઈએ.

પાડોશી રાષ્ટ્ર સાથે મૈત્રીપૂર્ણ સંબંધ હોય અને કોઈ પણ પ્રકારનું મનોમાલિન્ય ન હોય તો પણ એની પ્રવૃત્તિઓ પર ચાંપતી નજર રાખવાનું આવશ્યક છે. કારણ કે મિત્ર ક્યારે શત્રુ બની જાય એની આગાહી કોઈ કરી શકતું નથી. આથી ચતુર રાજા કે શાસક ને ગાલેફ રહેવાનું જરાયે પરવડે નહીં.

આપણા પાડોશી દેશ, નેપાળ, શ્રીલંકા, ચીન-પાકિસ્તાન વગેરે.. સાથે આપણા સારા સંબંધ છે જ પરંતુ ચીન-પાકિસ્તાન દ્વારા તેમને સુવિધાઓ લાલચ આપી પોતાના પક્ષે લેવાના સતત પ્રયત્નો થતા રહે છે. જેથી આપણી વિદેશ નીતિએ સતત જાગૃત રહી એમની પ્રવૃત્તિ-હિલચાલ પર નજર રાખવી જોઈએ.

સુવિચાર

- અડગની સામે ઉત્તમ ઈચ્છા હોવી જોઈએ... - **વિચારસૂત્ર**
- કામ એવો મંત્ર છે, જેના જાપથી નિરાશારૂપી ભૂત ભાગી જાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકો દરિદ્રતાના સકંજામાં જકડાય છે, તેના માટે તેઓ પોતે જ જવાબદાર હોય છે, તેમનો વ્યવહાર, તેમના વિચારો એવા હોય છે કે તે સમૃદ્ધિને બદલે ગરીબાઈ તરફ લઈ જાય છે - **સ્વેટ મોર્ડન**
- જેઓ આફતથી દૂર ભાગે છે તેઓ બમણી આફત ભોગવે છે - **બૌદ્ધિવૃક્ષ**
- કાયદો કરોળિયાનાં જાળાં જેવો છે, નાની માખીઓ તેમાં ફસાઈ જાય છે અને મોટી એ જાળાં તોડીને નીકળી જાય છે- **ચંદ્રકાન્ત બક્ષી**
- જે સ્વાધીન નથી હોતો તે સુખી નથી થઈ શકતો અને જીવનશુદ્ધિ વિના સ્વાધીનતા સંભવ નથી - **જહોન સ્ટુઅર્ટ**
- આજનું ઔષધ : લાલ બીટના પાનનો રસ મધમાં મેળવી દાદર પર લગાડવાથી રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માઈકલ જેકશન કિંગ ઑફ પોપ કહેવાતો. એના કાર્યક્રમની ટીકીટો મીનીટોમાં વેચાઈ જતી. એને ખરાબ સમય એવો પણ જોવો પડ્યો હતો કે એના મહેલ જેવા ઘરને પણ જપ્ત કરેલું. એને દેવાળિયો જાહેર કરવો પડ્યો હતો. હોલીવુડના સ્ટાર એલિઝાબેથ ટેલરને ત્યાં એણે રહેવું પડ્યું હતું. ત્યારે એક પત્રકારે માઈકલને પૂછ્યું હતું, 'તમને એવું નથી લાગતું કે ઈશ્વરે તમારી સાથે અન્યાય કર્યો હોય, કે જેમાં તમને સફળતા ના ટોચ પર બેસાડ્યા હોય અને પછી સાવ પાતાળમાં પછાડ્યા હોય ?' માઈકલ જેકશને જવાબમાં કહ્યું, 'અમે જયારે નાના હતા ત્યારે ઝૂંપડપટ્ટી જેવા વિસ્તારમાં ગરીબીમાં મોટા થયા હતા. જયારે ક્રિસમસના મેળામાં કંઈક સંગીતનો કાર્યક્રમ જોવો હોય તો ટીકીટના પૈસા ન હોય એટલે અમે તંબુમાં જયાં ફાટીને કાણું પડ્યું હોય તે કાણામાંથી કોન્સર્ટને માણતા જોતા... એવી ગરીબીમાંથી ઈશ્વરે મને પોપ મ્યુઝિકનો સ્ટાર બનાવ્યો, અમર બનાવ્યો... ત્યારે મેં ઈશ્વરને કદી એમ ન કહ્યું કે, વ્હાય મી ? (હું જ શું કામ ?) તો આજે ભગવાને કદાચ ચાર દુઃખ આપ્યા કે મારી કસોટી કરી તો હું શું કામ ઈશ્વરને એવી ફરિયાદ કરવા જાઉં કે વ્હાય મી ?' (મને જ શું કામ?)

કાશ્મીરમાં ઘેરી બનતી સ્થિતિ

તંત્રીસ્થાનેથી...

જમ્મુ-કાશ્મીરમાં પાકિસ્તાન અને પાક પોષિત આતંકવાદી જૂથોની નઘરોળ આડોડાઈનો કોઈ જવાબ નથી તો ભારત સરકાર કે એની સેના પાસે કે નથી એ મુદ્દે રાજયની મુફતી સરકાર લેશ માત્ર ગંભીર. ભારત માટે શરૂથી જ શિરદર્દ સમા બની રહેલ. આ 'મોર મુકુટ' સમા કાશ્મીરમાં કયારેય શાંતિ સ્થપાઈ શકે એમ લાગતું નથી. અસંખ્ય જવાનોના બલિદાનો પછી પણ કાશ્મીર ખીણના મુસ્લિમોની પાકિસ્તાન પરસ્તીનો ઉકેલ મળી શક્યો નથી. વર્ષો પૂર્વે સંઘપ્રચારક મોદીએ મુરલી મનોહર જોષીના નેતૃત્વ હેઠળની તિરંગા યાત્રામાં ભાગ લઈ લાલ ચોકમાં 'રાષ્ટ્રધ્વજ ફરકાવવાની ઐતિહાસિક ઘટનાના સાક્ષી બનવાનો યશ ખાટી લીધો પણ એથી પ્રજાની માનસિકતામાં શું ફરક પડ્યો ? અટલ બિહારી વાજપેયીએ કાશ્મીરને ભારત વર્ષનું મસ્તક કહી બિરદાવ્યું એથી કાશ્મીરી પ્રજાને શું મળ્યું ? આપણી સેના અને અર્ધલશ્કરી દળોની અનેક ટુકડીઓ કાશ્મીર ખીણ અને સરહદી વિસ્તારોમાં થતી નાપાક ઘુસણખોરી સામે ઝીંક ઝીલતી રહી છે છતાં આલ જગી પરિસ્થિતિ સુધરવાને બદલે વધુને વધુ બગડતી રહી છે.

ડૉ. ફારુખ અબ્દુલ્લા અને એમના સુપુત્ર ઓમર અબ્દુલ્લાની સરકારમાં જે અમન-શાંતિનું વાતાવરણ હતું તે મહેબૂબા મુફતીની ભાજપ સાથેની ગઠબંધન સરકારના શાસન કાળમાં વણસતું વણસતું છેક તળિયે બેસી ગયું છે. સેનાએ આતંકવાદીઓના સફાયાની ઝુંબેશ ઉપાડી એથી તો ઊલટાનો પ્રજાકીય આક્રોશ પરાકાષ્ઠાએ પહોંચી ગયો છે. મહેબૂબા મુફતીએ અને વડાપ્રધાન મોદીએ પવિત્ર રમજાન માસ પૂરતૂં આપણી સેનાને 'ઓપરેશન ઑલ આઉટ' અટકાવી દેવાના આદેશ કર્યા તો પણ પાકિસ્તાને તો એની આડોડાઈ ચાલુ જ રાખી છે. સેનાપતિઓ વચ્ચે થયેલ 'સીઝફાયર' - યુદ્ધવિરામની સંધિનો ત્રીજા જ દિવસે ભંગ થયો છે અને ભારતીય ચોકીઓ પર હુમલા થયા છે, જેમાં આપણા જવાનોના જીવ ગયા છે. પ્રજાને પણ ત્રાસદાયક સ્થિતિમાં મુકાવું પડ્યું છે. આવી દારુણ પરિસ્થિતિમાં પણ મહેબૂબા મુફતી સતત પાકિસ્તાન સાથે વાર્તાલાપ ચાલુ રાખી રાજનૈતિક સમાધાન શોધવાનો આગ્રહ સેવી રહ્યાં છે. ભારત પાસે પાકિસ્તાનની નફ્ફટાઈનો પ્રત્યુત્તર વાળવાનો એક માત્ર માર્ગ બચ્યો છે તે છે આકમણ. પરંતુ જાણનારા જાણે છે કે ભારત એવી હિંમત કરી શકે એમ નથી. ચીન પાકિસ્તાનની પડખે અડીખમ દિવાલ બનીને ઊભેલું છે. અમેરિકા-ચીન અને રશિયા સહિતના દેશોના દબાણ હેઠલ ભારતને પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાની તક સાંપડે એમ લાગતું નથી તો બીજી તરફ કાશ્મીર પ્રશ્નનો કોઈ રાજકીય ઉકેલ શિમલા કરાર મુજબ પરસ્પરની વાચતીચ દ્વારા ળી શકે એમ નથી. આમાં નુકશાન ભારત અને પોતાને ભારત સાથે વિશિષ્ટ સંદર્ભે જોડાયેલા સમજતા જમ્મુ અને કાશ્મીર ને જ છે. પાકિસ્તાન માટે તો આ પરિસ્થિતિ સદા સર્વદા ચાલુ રહે તે એની રાજકીય સિદ્ધિ જ લેખાશે.

શાળાનાં મકાન કરતાં શાળાનો વિદ્વાન અને નિષ્ઠાવાન શિક્ષક વધુ મહત્ત્વનો છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

'તમને એડમિશન મળી ગયું ?'
'ના...રે.. ના. પ્રયત્નો ચાલું છે.'
'તમારે એ જ શાળામાં લેવું છે ?'
'હા... એ જ શાળામાં.'
'બીજી શાળામાં મળે તો ?'
'ના.... અમારા પાડોશીનો દીકરો પણ ત્યાં જ છે.'
'આ શાળાનું મકાન કેટલું મોટું છે ?'
'હા... બરાબર... ..
'પણ મકાન મોટું હોવાથી શું ?'
'વર્ષની ફી પણ કેટલી બધી છે. તો શિક્ષણ પણ સારું જ હશેને ?'

સ્મિતા અને ગીતા બન્ને ખાસ બહેનપણીઓ. મેગાસીટીના એક એપાર્ટમેન્ટના સાતમા અને નવમા માળે રહે. બન્ને સાથે શોપીંગ કરવા જાય. સોસાયટીના કોમન પ્લોટમાં ઉજવાતા ઉત્સવો કાર્યક્રમોમાં પણ બન્ને સાથે જ હોય.ચર્ચાનો પ્રશ્ન એ હતો કે બાળકોને કઈ શાળામાં મૂકવા ? સારું રિઝલ્ટ આપે તે શાળામાં ? કે પછી વિશાળ મકાન હોય તે શાળામાં ? કે પછી ઊંચી ફી લે તે શાળામાં ? કે પછી સેન્ટ્રલી એ.સી. હોય તે શાળામાં ? કે પછી શિક્ષકો માયાળુ હોય તે શાળામાં ? કે પછી હોમવર્ક આપીને બાળકોને બીઝી રાખે તે શાળામાં ?કે પછી.....!

ઓહ..... કેટલાં બધાં સવાલો ? મે-જૂન મહિનો આવે એટલે વાલીઓની મૂંઝવણ છેલ્લા તબકકામાં પહોંચતી હોય છે.

પ્રત્યેક શાળા પોતે એક શ્રેષ્ઠશાળા હોવાનો દાવો કરે ત્યારે પેરેન્ટ્સ ગૂંચવાઈ જતા હોય છે.

એક દિવસ સોસાયટીમાં શિક્ષણમહાવિદ્યાલયના પ્રોફેસર આવી ચડયા. પ્રોફેસર પરિચિત, વિદ્વાન અને મળતાવડા સ્વભાવના હતા. ગીતા અને સ્મિતાએ મહિલા મંડળની એક ઈમરજન્સી મીટીંગ બોલાવી પ્રોફેસરને અધ્યક્ષ સ્થાને બેસાડયા. કેટલીક બહેનો પોતાના પતિદેવોને સાથે લઈને આવેલી. બધી બહેનોના પ્રશ્નો શાંતિથી સાંભળ્યા બાદ પ્રોફેસરે પોતાની શૈલીમાં હસતાં - હસતાં કહયું, 'હું કાંઈ પણ કહું તે પહેલાં મને એક પ્રશ્નનો જવાબ આપો કે તમે બધા કઈ શાળામાં ભણેલાં ?' 'સામાન્ય શાળામાં' જવાબ મળ્યો.

હા, તો કોઈપણ શાળા કોઈ પણ પ્રકારની ખાત્રી કેવી રીતે આપી શકે ? આદર્શ શાળામાં એડમિશન મેળવવું એક ઘટના છે. વારંવાર શાળા બદલવી ઠીક નથી. ઊંચી ફી લેતી શાળાનું શિક્ષણ ગુણવત્તા વાળું જ હોય અને ઓછી ફી લેતી શાળામાં ગુણવત્તાનું ધોરણ નીચું હોય એ માન્યતા ભૂલ ભરેલી છે. શાળાનું વિશાળ મકાન હોય, સેન્ટ્રલી એ.સી. હોય તેમાં પરિણામ ઊંચું હોય જયારે સામાન્ય મકાનમાં પૂરતી હવા ઉજાસવાળી શાળામાં પરિણામ નીચું આવે એવી માન્યતામાંથી બહાર નીકળવું જોઈએ.

શાળાની ધરોહર તેના શિક્ષકો છે. શિક્ષક જેટલો મહેનતુ અને પ્રામાણિક હશે, શાળાનું શિક્ષણ તેટલું પ્રભાવી અને વિદ્યમાન હશે. બાળકોના સર્વાંગી વિકાસ પર ધ્યાન આપતા પ્રેમાળ શિક્ષકો બધાના નસીબમાં ક્યાંથી ? શાળાનાં મકાન કરતાં શાળાનો વિદ્વાન અને નિષ્ઠાવાન શિક્ષક વધુ મહત્ત્વનો છે. બાળકોને ઘરમાં પૂરતી સગવડ ન આપી શકતાં પેરેન્ટસ, ઊંચી ફી લેતી અત્યાધુનિક શાળામાં એડમિશન મેળવવા ઉતાવળા થતાં હોય છે. શિક્ષણની સાથે શિસ્ત અને સંસ્કારના પાઠ ભણાવે તેવી શાળાઓ શોધવી મુશ્કેલ છે, અશકય નથી. વારસામાં ધન નહિ પણ સંસ્કાર જ ઊગી નીકળે છે.

તે વાત ગાંઠે બાંધવી જોઈએ. આપણા સંતાનો ઈજનેર, તબીબ, વકીલ, શિક્ષક, સૈનિક, કલેકટર, બિઝનેશમેન બને તે સારી વાત છે અને વાલીની આ અપેક્ષા અસ્થાને પણ નથી પરંતુ આ પહેલાં તે એક સારો માણસ બને તે ઘણું અગત્યનું છે. કોઈપણ પ્રકારનો ડોળ કે ઢોંગ કર્યા વગર વિદ્યાર્થીનું સાચા અર્થમાં ઘડતર કરે તેવી શાળા આદર્શ શાળા ગણાય.

મિસરી
'બા મને બીજી નિશાળ દે ગોતી
બેન મારી મોટી જે મારે છે સોટી
પણ હોઉં જો હું રોતી તો તારી
જેમ વ્હાલ કરી આંખ નહિ લો'તી '
- અજ્ઞાત

santoshdevkar03@gmail.com

માતા ભૂમિ પુત્રોઽહં પૃથિવ્યા:

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

હમણાં થોડા વખત પહેલાં વાંચવામાં આવ્યું હતું કે ઓસ્ટ્રેલિયામાં હમણાં એક સાથે ત્રણ ચાર હજાર લોકોને કેન્સર થઈ ગયું, અને આખું વિશ્વ ચોંકી ઊઠ્યું, એક સાથે બધાને આમ થવાનું કારણ શું હતું ? સાઉથ આફ્રિકાના જંગલોમાં અચાનક આગ લાગી ગઈ? કોઈ તાપણું કર્યું હતું ? કોણે દિવાસળી ચાંપી ? ખબર ન પડી, આથી વૈજ્ઞાનિકોની ટૂકડી અભ્યાસ માટે ત્યાં ગઈ. હમણાં અચાનક રાત્રે અમેરિકા એક વૈજ્ઞાનિક અડધી રાત્રે બૂમો મારવા લાગ્યો, ગજબ થઈ ગયો ! દરિયો ઊંચો આવે છે. કેવી હાસ્યાસ્પદ વાત લાગેછે ? પણ હમણાં અઠવાડિયા પહેલાનાં છાપા ફંફોસજો આપણે ત્યાં બંગાળમાં જ આવી ઘટના બની રહી છે.

આ ત્રણ ઘટના વિશે ગંભીરતાથી અધ્યયન કરતાં સમજાયું છે કે, ઓસ્ટ્રેલિયામાં જે ત્રણ-ચાર હજાર લોકોને એક સાથે કેન્સર થયું એનું કારણ 'સનબાથ' છે. 'સૂર્ય સ્નાન' છે, આવું તે કાંઈ હોતું હશે ! સૂર્યસ્નાન કરવાથી કોઈ દિવસ કેન્સર થોડું થાય ! પણ ના ભાઈ થાય ને થયું ! તારણ એવું નીકળ્યું કે તે સમયે અવકાશમાં પડમાં અલ્ટ્રાવાયોલેટ કિરણો સીધા તેમને વળગ્યા હતા, તેનું કારણે આ બનાવ બન્યો હતો. આવું કેમ ! 'ઓઝોન'ના પડમાં કાણું પડવાના કારણે આવું થયું છે ! ઈશ્વરે આપણને જે ઓઝોન રૂપી ગોદડીમાં જીવન બક્ષ્યું છે તેને આપણે જ ફાડી નાખી છે.

જંગલો બળી જવાનું કારણ શું ! તો ખબર પડી કે વરસાદ પડવાના કારણે જંગલમાં આગ લાગી, હાઉ કેન ધીસ પોસીબલ ? પણ ના ધીસ ઈસ પોસીબલ. આવું થયું છે. વરસાદ પડવાની પ્રક્રિયા કેવી રીતે થાય છે ? પાણીની વરાળ બને, બાષ્પીભવનની પ્રક્રિયાથી, વરાળ ઉપર જાય તેના વાદળ બંધાય અને પછી વરસાદ પડે. આપણે પૃથ્વી પર એટલું બધું પ્રદૂષણ કરી દીધું કે ઉપર બધા હાનિકારક વાયુનો ઉકરડો જમા થયો, અને પછી એસિડનો વરસાદ થયો, અને જંગલો બળ્યા.

બીજી તરફ સમુદ્રની સપાટી ઊંચી આવવાની વાત છે, એ પણ પહેલી દૃષ્ટિએ માન્યામાં ન આવે તેવી વાત છે, પરંતુ તપાસ કરતાં ખબર પડી કે, આપણી ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ તરફ જે બરફના રણ છે. હોલસેલ માત્રામાં જયાં બરફનો સ્ટોક અવેલેબલ છે. તેમાંથી ધીમે ધીમે બરફ ઓગળે છે, અને સમુદ્રમાં પાણીની સપાટીમાં વધારો થાય છે, કેમ ભાઈ અત્યાર સુધી તો આવું નહોતું થયું, અચાનક શું થયું ? હમણાં હમણાં ખબર પડી કે પૃથ્વીને તાવ આવ્યો છે, તેનું ટેમ્પરેચર હાઈ છે, આપણને તાવ આવે તો પેરાસિટામોલની ટીકડી લઈએ છીએ, પણ આ ધરતીમાતાને કયો ટીકડો દેવો અને ઈ યે વળી કયાં ?

ઉપરોક્ત ત્રણ ઘટનાની જાણ મને અરુણભાઈ દવેના વ્યાખ્યાનમાંથી થઈ છે, જેને મેં મારી રીતે શબ્દોમાં ગોઠવવાનો પ્રયત્ન કર્યો છે, વિજ્ઞાનનો વ્યક્તિ નથી, ટેકનિકલ કંઈ છબરડા હોય હોય તો ક્ષમ્ય ગણજો, મૂળ હાર્દ એ છે કે, આ ઘટનાઓ શું સૂચવે છે ? આપણી વિકાસ તરફની આંધળી દોટ આપણને કયાં લઈ જઈ રહી છે ? આવી ઘટનાઓ તરફ!

આપણી ભોગવાદી વિચારસરણી આનું મૂળ કારણ છે. પ્રકૃતિ પાસેથી બસ લૂટો, ધરતીમાતાને પીખી પીખીને ખનિજતત્ત્વો મેળવવા આપણે તલપાપડ બન્યા છીએ, હવે જયારે પગની નીચે રેલો આવ્યો છે ત્યારે સમગ્ર વિશ્વ ઈકો ફેન્ડલી વ્યવહાર કરવો જોઈએ એવી વાત કરતું નજરે ચડે છે.

પણ ભારતની તો આ પહેલીથી જ પરંપરા રહી છે કે પ્રકૃતિનું દોહન કરવું, શોષણ નહીં, આપણી વર્ષો જૂની પ્રણાલીઓ કુદરતની સાથે સમન્વય કરીને કેમ ચાલવું તેના પાઠ શીખવતી રહી, આપણે કુદરત સાથે મિત્રાચારી ધાર્મિક બાબતો સાથે સાંકળી લીધી છે, પછી એ નાગપંચમીના દિવસે નાગની પૂજા કરવાની વાત હોય, વટસાવિત્રીની પૂનમને દિવસે વડને પૂજવાની વાત હોય, કે પછી ગંગા, યમુના, નર્મદા, ગિરનાર, પાવાગઢ કે હિમાલય જેવા નદી પર્વતને પૂજવાની વાત કેમ ન હોય ! આપણને પ્રકૃતિના દરેક તત્ત્વને ભગવાનનો દરજ્જો આપીને અધ્યાત્મના શણગારમાં લોકો સમજ રજૂ કર્યો છે. આપણે પૃથ્વીને માતા, નદીને માતા માની છીએ, પૂજા કરીએ છીએ, અને આ બધા પ્રાકૃતિક તત્ત્વોને ઉચ્ચ આધ્યાત્મિક કોટિમાં મૂકીને તેને પૂજનીય બનાવી દીધા, કારણ કે છેવાડાનો માણસ કે જે નિરક્ષર છે તે વિજ્ઞાનની આંટી ઘૂંટી સમજે કે ન સમજે પણ ધાર્મિકતાની વાત તેને શીરાની જેમ ગળે ઉતરી જાય છે, અને એ રીતે પ્રકૃતિનું રક્ષણ થાય છે.

બાકી આ જ પૃથ્વી શું ઈંગ્લેન્ડ કે અમેરિકામાં નથી ? તેમણે કયારે ભૂમિને માતા માની છે ? નાઈલ નદી ત્યાં પણ વહે છે મેં કોઈ દિવસ સાંભળ્યું નથી કે નદીનું ત્યાં કોઈએ પૂજન કર્યું હોય, આપણા ગિરનાર અને પાવાગઢથી પણ વિશાળ પર્વત તેમને ત્યાં છે, પણ કોઈ ફિરંગીએ પર્વત પર દેવળ બાંધીને ત્યાં ચડવાની બાધા રાખી હોય તેવું સાંભળ્યું છે ? ના, કારણ કે તેમની પાસે આ દૃષ્ટિ જ નથી. આવું વિચારવાની શક્તિ જ નથી.

જયારે આપણે ત્યાં બાળકને નાનપણથી જ શીખવવામાં આવે છે કે ઊઠીને સૌ પ્રથમ જમીન પર પગ મૂકતા પહેલાં તેની સ્તુતિ કરવી, તેની માફી માગીને પછી દિવસની શરુઆત કરવી, નવા ગરમાં પાયો ખોદવાનો હોય કે કારખાનાના પાયા ખોદતા હોય તો ભૂમિપૂજન કરવાનો રિવાજ આપણે ત્યાં છે. અથર્વવેદમાં કહ્યું છે :

માતા ભૂમિ પુત્રોઽહં પૃથિવ્યા:
'ભૂમિ મારી માતા છે અને હું તેનો પુત્ર છું.'

પણ જયાં પ્રકૃતિને બસ પદાર્થ જ માનવામાં આવતો હોય, તેને ઉપભોગ તરીકે જ ઉપયોગમાં લેવાની માનસિકતા ધરાવતા હોય તેવા લોકો જ પ્રકૃતિનો વિનાશ નોતરે છે, હવે તેને કારણે સમગ્ર માનવસૃષ્ટિ પર વિનાશ વચ્ચે ઊભી છે અને હમણાં-હમણાંથી તો આપણને પણ હવા લાગી છે, ભોગવાદી વિચારસરણી ધરાવતા લોકની અસર તળે આવી ગયા છીએ, ફક્ત મોજશોખ અને જલસા માટે અવનવી સવલતોના અભરખામાં જ આપણે સ્વયંનો વિનાશ આવકારી રહ્યા છીએ.

પ્રકૃતિ જિવાડે તેમ જીવવાનું છે, પણ તેના બદલે પ્રકૃતિને આપણા તાલે નાચ નચાવવાનું દુઃસાહસ કરીએ પછી એ ય થપાટ મારે ને ! પણ ચેતવણીરૂપ થપાટો આપણે સમજતા નથી.

અત્યાર સુધી સમાજવિદ્યામાં ભણતા રહ્યા છે કે વિશ્વનો સૌથી વધુ વરસાદ ચેરાપુંજીમાં પડે છે, અને રાજસ્થાનનું ગંગાનગર ગરમાગરમ શહેર છે, પણ કુદરત હવે સમાજવિદ્યાની ચોપટી ખોટી પાડે છે, આ વર્ષે ચેરાપુંજીમાં દર વર્ષે પડતી માત્રામાં વરસાદ પડ્યો નથી અને રાજસ્થાનમાં મેઘતાંડવ થાય છે, આપણા જ દેશમાં પ્રકૃતિના બે બદલાયેલા સ્વરુપ આપણે અનુભવ્યા છે ! વિશ્વમાં દર અઠવાડિયે કયાંક ભૂકંપ આવે છે, સુનામીના મોજા ફરી વળ્યા છે... અને હજુ તો આ શરુઆત છે, આગળ તો હજી...

આ માટે તો છેલ્લે આપણે આપણા વેદો અને ઋષિઓએ ચીંધેલો રાહ જ કામે લગાડવો પડશે. 'સાદુ જીવન ઉચ્ચ વિચાર' દેખાદેખીમાં પડવાની બદલે જેમ બને તેમ સવલતો વગરનું જીવન જીવતા શીખીએ, હું શરુઆત કરું છું.

'હે પ્રાકૃતિક તત્ત્વો હું તમારે શરણે છું, આજ સુધીના મારા અક્ષમ્ય અપરાધ માફ કરી મને તમારા શરણમાં લો.' આખરે છોરું - કછોરું થાય, માવતર કુમાવતર થોડું થાય ?

- jayuoza@gmail.com,
Mo. 9898046488

કર્તવ્ય નિષ્ઠા

થોટ
નટવર આહલપરા

લાલબહાદુર શાસ્ત્રીએ સરસ વાત કરી છે. આપણા યુવાનો નાગરિકોની જવાબદારી ઘણી મોટી છે. મારી દૃષ્ટિએ જીવનના પ્રત્યેક ક્ષેત્રનું આગવું સ્થાન છે. કાર્યને એનું પોતાનું ગૌરવ છે. આપણું જે કાંઈ કર્તવ્ય હોય, નિષ્ઠા અને સમર્પણ ભાવનાથી આપણે એ સદા કરવું જોઈએ. દેશ પ્રત્યેની નિષ્ઠા, બીજી જ નિષ્ઠાઓમાં સૌ પ્રતમ સ્થાન ધરાવે છે.

મળેલું કામ, મળેલી જવાબદારી, મળેલું કર્તવ્ય નિષ્ઠાપૂર્વક કરવું જોઈએ. શિક્ષક બહું જ નિષ્ઠાથી પોતાનું કર્તવ્ય કરે તો ખરેખર તેનું કર્તવ્ય દીપી ઉઠે છે. તબીબ, ઈજનેર, નેતા વગેરે. કર્તવ્ય નિષ્ઠા જેટલી વધારે તેટલી તેમની પ્રસન્નતા, સ્વસ્થતા ચાહના વધે છે.

કર્તવ્યપાલન માટે આજે પણ શ્રીરામનું ઉદાહરણ આપવામાં આવે છે. કર્તવ્યની લગની એવી શક્તિ છે જેને યોગ્યતા કરતાં પણ વધુ મહત્ત્વપૂર્ણ કહી શકાય. કર્તવ્યમાં નિષ્ઠા વિના માનવીમાં ગમે તેટલી યોગ્યતા હોવા છતાં તેનાથી ખાસ પરિણામ આવતું નથી.

માનવીમાં ગમે તેટલી આવડત હોય, શક્તિ હોય પણ તેમાં કર્તવ્ય નિષ્ઠાનો અભાવ હશે તો તે નિષ્ફળ નીવડતો જણાશે.

સાચી કર્તવ્ય નિષ્ઠાને અવરોધતી અને શક્તિનો વ્યય કરતી ભાવનાઓ જો દૂર રહીશું તો સફળ થવામાં વાર નહીં લાગે. કર્તવ્યમાં નિષ્ઠા એટલે સફલતા જ સફળતા.

વરસાદી પાણી આપણા માટે અમૃત છે એ વાત સમજી લઈએ

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'ગુજરાતી હિન્દી ગીતોના કાર્યક્રમ માટે કોઈ એક સારી થીમ આપો ને ?' એક સંસ્થા સાતે જોડાયેલા મિત્ર જયરાજસિંહ સરવૈયાએ પુછ્યું ને કેટલીક થી યાદ આવી એમાં એક વરસાદી ગીતોની પણ હતી.

'આવરે રે વરસાદ ઘેબરીયો વરસાદ' બાળગીતોમાં અને કવિતાઓમાં તથા ફિલ્મી ગીતોમાં વરસાદ અને પાણીને સુંદર રીતે વણી લેમાં આવ્યા છે. આપણે ત્યાં તળાવ-નદી-ડેમ - ચેકડેમ - પાણીયારે - કુવે એમ કેટકેટલી જગ્યાએ પાણી જોડાયેલું છે.

પાણી - જળ.... સાવ મફતમાં મળે અને કિંમત અમૂલ્ય! એટલે જ માનવ જાતે એને વેડફવામાં પાછુ વાળીને જોયું નથી. આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂતોમાનું એક પાણી એ જીવનનો આધાર છે. ચાહે પર્વત પર રહો કે દરિયામાં પીવાનું અને વાપરવાનું પાણી નહિ હોય ત્યારે જીવન નકામું થઈ જવાનું છે અને એ છતાં આપણે પાણીનો સતત બગાડ વણવિચારે કરે રાખીએ છીએ.

ગુજરાતના સવાસોથી વધુ ડેમ પંચોત્તેર ટકા ખાલી છે ને પચાસથી વધુ મધ્યમ ડેમ સંપૂર્ણપણે ખાલી છે. રાજય સરકાર દ્વારા લોકભાગીદારીના સહયોગથી નદી-તળાવો-ચેકડેમ ફરી સજીવન કરવાનું કામ ચાલુ છે.

પુરાતન સમયમાં બાંધકામોમાં આજે વરસાદી પાણીના ટાંકા મૂલ્યવાન પૂરવાર થઈ રહ્યા છે. ૨૫ ફૂટ ઊંડા ટાંકામાં ૬૦ હજાર લીટર સુધી પાણીનો સંગ્રહ થાય છે. આજકાલ સોસાયટીઓમાં પણ બોર રિચાર્જ કરાવવાની જાગૃતિ આવી છે એ જ રીતે ખેતરોમાં વધુ ને વધુ ખેડૂતો ટપક સિંચાઈ અપનાવી રહ્યા છે, અને એના સુંદર પરિણામો પણ તેઓનો પાકરૂપે મળી રહ્યા છે.

શાળાઓથી લઈને હાઈફાઈ સંસ્થાઓ પણ પોતાના નિશ્ચિત વર્ગ સુધી જળસંગ્રહ બાબત અને જળ બચાવવા સંદર્ભ વધુ જાગૃત થઈ છે. મીડિયા દ્વારા પમ આ ક્ષેત્રે પ્રેરણારૂપ કાર્યક્રમ થઈ રહ્યું છે અને પરિણામે સમાજના જળ સમસ્યાના સંકટ સામે લડવા અને એ દિશામાં આયોજનો કરી અમલમાં મૂકવા જાગૃતિ આવી રહી છે. મહાનગરોમાં કોર્પોરેશન અને ગ્રામ્ય વિસ્તારોમાં પંચાયતોના પદાધિકારીઓ - અધિકારીઓમાં આ કાર્યમાં જોડાયા છે. અને સરકારના આયોજનને અસરકારક બનાવવા કોશિશ કરી રહ્યા છે. પાણીનો બિનજરૂરી વપરાશ અટકાવવાની દિશામાં અને એને વેડફવાની પ્રવૃત્તિ બંધ કરવાની દિશામાં જેટલું વધુ અમલીકરણ થશે એટલું એ સહુના માટે લાભપ્રદ છે.

રોજિંદા જીવનમાં વ્યક્તિગત કે સામૂહિક રીતે નાની નાની કાળજી રાખવામાં આવે તો ટીપે ટીપે પાણી ભરાય ને સરોવર છલકાય એમ ઘણી મોટી માત્રામાં પાણીની બચત થઈ શકે એમ છે.

અભ્યાસુઓએ શોધ્યું છે કે આર.ઓ. મશીનમાં શુદ્ધ પાણી મેળવવા માટે મોટી માત્રામાં પાણી વેડફાય છે. આ પાણીનો ઉપયોગ ઘરની કે ટોઈલેટની સફાઈમાં - વાહનો ધોવામાં ને કુંડામાં રોપેલા છોડને પાવામાં કરી શકાય. બાથરૂમ કે ટોઈલેટના વોશ એરિયામાં અને વાહનોની સફાઈમાં નળમાંથી સીધી પાઈપ લાઈનના બદલે બાલદી અને ટબ તથા બ્રશનો ઉપયોગ થાય તો પણ ઘણું પાણી બની શકે. મકાનોમાં અનેકવાર પાણીનો લીકેજ જોવા મળે છે. આ લીકેજ તુરંત અટકાવી એ તો પણ સરવાળે પાણીની ગણનાપાત્ર બચન થાય છે. બ્રશ અને શેવિંગ કરવામાં કે કપડાં ધોવામાં ને નહાવામાં નળ સતત ચાલુ રાખવાના બદલે જરૂર પ્રમાણે નળ ખોલ-બંધ કરીએ તો પણ પાણીની બચત થાય છે. કીચન અને વોશરૂમમાં પાણી સૌથી વધુ વેડફાય છે. ત્યાં જો ધ્યાન આપવામાં આવે તો આવનારા દિવસોમાં જરૂર પાણીની બચત થઈ શકશે.

'પાણી અને વાણી ઘીની જેમ વાપરો.'
'જળ એ જ જીવન છે.'

આ અને આવા સૂત્રો આપણે વાંચીએ - છીએ સમજીએ છીએ પણ એને બચાવવા એનું સંરક્ષણ - સંવર્ધન કરવા કેટલા જાગૃત છીએ ?

સમય વાતો કરવાનો નહિ, તત્કાલ, અભી કે અભી અત્યારે જ અમલ કરવાનો છે. જયાં જયાં પાણીનું એક એક ટીપુ વેડફાતું દેખાય, ત્યાં એને રોકીએ, એનું સંવર્ધન કરીએ. ચોમાસના વરસાદને ઝીલીએ અને એ વરસાદી પાણી આપણા માટે અમૃત છે એમ સમજી એનો વપરાશ કરીએ આમ કરીશું તો જ જળશક્તિની ઉર્જાથી અજવાળા રેલાશે.